# જબાનનો સેતુ

એક સુખી શ્રીમંત ગૃહસ્થ. એમણે વાતવાતમાં કહ્યું કે મેં મારા પુત્રને સ્પષ્ટ કહી દીધું છે. મેં કહી દીધું છે કે મને તું અગ્નિદાહ ના આપતો! તું મને અગ્નિદાહ આપીશ તો મારો જીવ જરૂર અવગતિએ જશે!

આપણે માની શકીએ કે પિતાના મનમાં એમના એકના એક પુત્ર સંબંધે કંઈક પૂર્વગ્રહ કે કડવાશ હશે, પરંતુ એવી લાગણી પણ પોતાના મૃત્યુ પછીની શિક્ષા સંભળાવે તે તો ખોટું જ છે. એવા ઘણાબધા માનવીઓ આપણને મળે છે જે પિતાના મૃત્યુ પછી પસ્તાવાની સાચી લાગણી વ્યક્ત કરે છે. આવા એક પ્રૌઢ માનવીનાં માતા બીમાર હતાં. એક દિવસ મોડી રાત્રે માતાએ પુત્રને સાદ પાડ્યો અને કશુંક આપવાની વાત કરી. પુત્ર ભરઊંઘમાંથી જાગ્યો હતો એટલે એણે ગુસ્સે થઈને માતાને કહ્યું: ‘બા, અત્યારે રાત્રિના ત્રણ વાગ્યા છે. તમે બીજા ત્રણ કલાક રાહ જોઈ શક્યાં ના હોત? હું આખો દહાડો મારા કામકાજમાં દોડધામ કરીને થાકી ગયો હોઉં છું. મારે પૂરતી ઊંઘ તો લેવી પડે કે નહીં? આવા કસમયે તમે મને ખાસ કોઈ વજૂદવાળા કારણ વિના જગાડ્યો! હવે મને ઊંઘ ક્યાંથી આવવાની?’

માતાએ દુભાઈને કહ્યું: 'ભાઈ, હવે ફરી કદી હું તારી ઊંઘમાં ખલેલ નહીં પાડું!'

વહેલી સવારે એ માતાનું અવસાન થયું અને પુત્રના અફસોસનો પાર ના રહ્યો. એને એમ જ થયું કે મારા વર્તનના કારણે મારી માતાને આઘાતની લાગણી થઈ અને એ આ સંસારમાંથી ચાલી ગઈ. હકીકતે એવું તો નહીં જ હોય, કેમ કે મૃત્યુ તો કોઈ પણ વ્યક્તિનું નિશ્ચિત જ હોય છે અને એ એની નિયતિ હોય છે, પણ પુત્રને એ ખટકો રહી ગયો – વારંવાર પસ્તાવાની લાગણી હૃદયમાં ઊભરાયા કરતી.

પિતા-પુત્ર, માતા-પુત્ર, બે ભાઈઓ કે બહેનો, પતિ અને પત્ની કોઈ પણ સંબંધમાં કોઈ ને કોઈ પ્રસંગે કડવાશ કે પૂર્વગ્રહની એક લાગણી પેદા થઈ શકે છે, પણ એ લાગણી છેવટે તો સ્નેહના જળમાં ડુબાડી દેવી પડે છે. બીજું કંઈ નહીં તો પણ એ અણગમા કે કડવાશનું ખાતું મૃત્યુ પછીના હિસાબમાં કદાપિ નાખી ના શકાય. જે પિતાએ પુત્રને મૃત્યુ પછી તેમને અગ્નિદાહ દેવાની મનાઈ ફરમાવી એ પિતાએ પોતાના વહાલા પુત્રને જીવતેજીવ ડામ દીધો.

કેટલાક લોકો આવેશમાં ગમે તેમ બોલીને પછી પોતાના બચાવમાં કહે છે કે ભાઈ, માણસની જીભમાં ભગવાને હાડકું નથી મૂક્યું! એટલે એ તો ગમે ત્યારે ગમે તે બોલી નાખે! એની ઉપર આપણો કાબૂ નથી હોતો! પણ આ તર્ક ખોટો જ છે. જીભને આપણે જેમ વાળીએ તેમ વળી શકે છે. જીભ સ્વાદને પારખે છે. ખાવાની ચીજોનો સ્વાદ પારખી શકનારી માણસની જીભે શબ્દોનો – વાણીનો સ્વાદ પારખવાની શક્તિ કેળવવી પડે છે. કેટલાક વળી કહેશે કે ભાઈ, માણસની જબાન તો અસવાર વગરના અશ્વની જેવી છે! જે જબાન પર તમે અસવારની ભૂમિકા ના નિભાવતા હો એ જબાન તોફાની અશ્વ જેમ તમને ગમે ત્યાં ઘસડી જવાની કે ક્યારેક તમને કાંટાળા ઝાડની વચ્ચે કે ઊંડા પાણીમાં પણ ઘસડી જાય. એક હકીકત તો સૌ કોઈ સ્વીકારશે કે આપણે આપણા હાથ કે પગ ગમે ત્યાં ઉછાળતા નથી અને એ જ રીતે આપણા આંખ અને કાનની પણ બરાબર રક્ષા કરીએ જ છીએ. આપણે આપણી જબાનને બે દાંત વચ્ચે ક્યારેક ચગદી બેસીએ છીએ ત્યારે ચિત્કાર કર્યા વિના રહી શકતા નથી. આપણે આપણી જબાનનું રક્ષણ વગર વિચાર્યે જબાન પર આવી ગયેલા શબ્દોથી પણ કરવું અનિવાર્ય છે. કશો વિચાર કર્યા વગર બોલેલા શબ્દોની ઘણી મોટી કિંમત ચૂકવવી પડતી હોય છે.

સૌ જાણે છે કે ભારતના પ્રથમ વડા પ્રધાન સ્વ. જવાહરલાલ નેહરુએ લંડનની

એક હોટેલના કર્મચારીને એવું કશું કહ્યું હતું કે મહંમદઅલી ઝીણા આજકાલમાં જ અહીં આવવા જોઈએ! અમે તેમને ભારતમાંથી બિસ્તરાપોટલાં બંધાવી દીધા છે. હોટેલના કર્મચારીએ ઝીણા આવ્યા ત્યારે નેહરુજીની એ વાત કરી. એની શું અસર પડી? મહંમદઅલી ઝીણાએ બિસ્તરાપોટલાં એ હોટેલમાં છોડ્યા પણ નહીં અને તરત ભારત પાછા ફર્યા અને અલગ પાકિસ્તાનની માગણી ઝનૂનપૂર્વક આગળ કરી. એ વાત સાચી છે કે બ્રિટિશ સત્તાવાળાઓ ભારતમાં પોતાનું શાસન ટકાવી રાખી હિંદુઓ અને મુસ્લિમો વચ્ચે સતત ગેરસમજ અને પૂર્વગ્રહો વધે તેવી કોશિશ કરતા જ રહેતા હતા, છતાં જે ઘટનાનો અહીં ઉલ્લેખ કર્યો છે તે તેમાં ચિનગારીરૂપ બની.

આપણે આપણી જબાન માણસ – માણસ વચ્ચે સંવાદ વધે અને સેતુરૂપ બને તે રીતે ઉપયોગમાં લેવી જોઈએ. તે બંધાયેલા જૂના સેતુને તોડી પાડનારી સુરંગ નહીં બનવી જોઈએ. આપણા શબ્દો કોઈ વાર મીઠા અને ઘણી વાર કડવા પણ હોઈ શકે, પણ તે સામી વ્યક્તિ માટે ગુણકારી પુરવાર થાય તેવા બની રહેવા જોઈએ.

# ચિંતા ચેપી રોગ

મધરાતે એક પતિ પથારીમાં પડખું બદલ્યા કરે છે. બાજુના પલંગમાં સૂતેલી પત્ની પતિને બેચેન જોઈને પ્રશ્ન કરે છેઃ કેમ ઊંઘ નથી આવતી? શું કોઈ ચિંતા છે? પતિ કહે છે કે આમ ખાસ તો કોઈ ચિંતા નથી, પણ મારા પલંગની નીચે તમે લાકડાની પેટી મૂકી છે? પત્ની જવાબ આપે છે કે હા, મૂકી છે પણ તેનું શું? પતિ કહે છે કે તેમાં તમે ધારદાર ચપ્પુ ખુલ્લું મૂક્યું છે? પતિ આવું કહે છે એટલે પત્ની અકળાઈને પૂછે છે કે પણ એનું શું છે? લાકડાની પેટી અને તેની અંદર ખુલ્લું ચપ્પુ એને તમારી ઊંઘ સાથે શો સંબંધ?

પતિ જવાબ આપે છે – ન કરે નારાયણ અને મારો પલંગ તૂટી પડે અને લાકડાની પેટી ઉપર આ બધું વજન પડે તો તેને કારણે પેટીમાં પડેલું પેલું ખુલ્લું ચપ્પુ મારી પીઠમાં વાગે તો? હવે આમ જુઓ તો આ આખી વાત હાસ્યાસ્પદ છે, પણ એ માણસની અકારણ ચિંતા કરવાની આદતનું જ દૃષ્ટાંત છે. આ રીતે ઘણાબધા માનવીઓ જિંદગીના સુગમ સંજોગોની વચ્ચે આ પ્રકારની ચિંતા કર્યા કરતા હોય છે અને આ પ્રકારના ચિંતાગ્રસ્ત સ્વભાવથી જ દુઃખી થતા હોય છે. હકીકતે તેમના મનમાં ચિંતાની આવૃત્તિ એટલાં ઊંડાં મૂળ નાખી

બેઠી હોય છે કે તેમને તદ્દન સાધારણ સમજની વાત પણ સૂઝતી નથી. શાળાની પરીક્ષાનું પરિણામ જાહેર થયું અને એ પરિણામ જાતે લેવા શાળાએ ગયેલી બાળા મોડી સાંજ સુધી આવી નહીં એટલે એ બાળાનાં સુશિક્ષિત માતાપિતા એકદમ બેચેન બની ગયાં... માતા બોલીઃ 'બે દિવસથી ઢીલી તો લાગતી જ હતી. નક્કી પરીક્ષામાં નાપાસ થઈ હશે. પરિણામ બપોરે હતું અને અત્યારે તો સાંજ પડવા લાગી છે. એ ક્યાં ગઈ હશે?'

ચિંતા અત્યંત ચેપી રોગ જેવી છે. માતા અને પિતાની ચિંતા એક જ હોવા છતાં એક સરવાળો બની ગઈ. માતાએ પોતાની પુત્રીની બહેનપણીઓને ત્યાં ફોન ઘુમાવવા માંડ્યો. પિંકી, અમારી પિંકી તમારે ઘેર આવી છે? એ બહેનપણીની માતા ફોન પર હતી એટલે તેને પ્રશ્ન કર્યોઃ 'તમારી દીકરીએ અમારી પિંકીને છેલ્લે ક્યારે અને ક્યાં જોઈ હતી? તમારી દીકરી ઘરે આવી ગઈ છે?' જવાબ મળ્યો કે 'એ તો બપોરે જ આવી ગઈ છે!'

બાળાનાં માતાપિતા રીતસર ભયભીત થઈ ગયાં. તેમણે પોતાની પુત્રીની શાળાની નજીકના પોલીસસ્ટેશને ફોન કર્યો અને ફરિયાદ નોંધાવી કે અમારી પુત્રી હજુ ઘરે પાછી આવી નથી. પુત્રીએ પોશાકમાં શું પહેર્યું હતું અને કેવા દેખાવની છે તેની વિગત આપી! પગમાં શું પહેર્યું છે તે કહ્યું! કપડાં કેવા રંગનાં છે તેની વિગત આપી. પછી પોતે જે વિસ્તારમાં રહેતાં હતાં તેના નજીકના પોલીસસ્ટેશને પણ ફરિયાદ નોંધાવી. ઑલ ઇન્ડિયા રેડિયો અને દૂરદર્શનને જાણ કરી.

ચિંતામાં અધમૂઆં થઈ ગયેલાં માતાપિતાના એક કુટુંબીજને જ્યારે ફોન કરીને કહ્યું કે પિંકી અમારે ત્યાં આવી છે. અમે જ તેને અમારે ઘેર લઈ આવ્યાં છીએ! એ તો ના-ના કરતી હતી અને કચવાઈને કહેતી કહી કે મારાં મમ્મી-પપ્પા ચિંતાથી દુઃખી દુઃખી થઈ જશે, પણ અમે તેને કહ્યું કે તારે ઘરે હમણાં અમે ફોન કરી દઈશું. મારી પુત્રીની વર્ષગાંઠની પાર્ટી અમે રાખી હતી તેને માટે રોકી હતી. ત્યારે અમને ખ્યાલ નહોતો કે પાર્ટીમાં આટલું મોડું થશે અને આટલી લાંબી ચાલશે! હું હમણાં જ તેને તમારે ઘરે પહોંચાડું છું.

એક સીધીસાદી વાત ચિંતાને લીધે કેટલી બધી ગૂંચવાઈ જાય છે અને આમની જેમ કેટલી બધી ભયજનક બની શકે છે તેનું આ એક સાદું ઉદાહરણ છે અને દૃષ્ટાંત પણ કલ્પિત નથી. સાચી બનેલી વાત જ છે. આ રીતે અનેક લોકો નાનીમોટી બાબતમાં અકારણ પોતાના મનમાં ચિંતાનો રેંટિયો ચલાવ્યા કરે છે. એમાંથી કશું જ નક્કર કે કામનું નીપજતું નથી. આ રીતે અકારણ

ચિંતામાં કેટલાક લોકો પોતાની તબિયત પણ બગાડી બેસે છે.

કોઈ પણ બાબતમાં સહેજ પણ વિચાર કરવા થોભ્યા વિના ચિંતામાં ડૂબી જવું એવો સ્વભાવ (કેટલાકનો) પડી ગયો છે. આના કારણે કોઈ વાર અનર્થ સર્જાઈ જવાનું જોખમ પણ રહે છે. જે ઘટના ખરેખર બની જ ના હોય તેના વિશે આવા વિચારો અગાઉથી કરવાનો કંઈ અર્થ ખરો?

એક લોકોક્તિ કહે છે:

*ચિંતાથી ચતુરાઈ ઘટે, ઘટે આંખનું નૂર,*
*ચિંતા બડી અભાગિણી, ચિંતા ચિતા સમાન.*

# માંદું મન ગંભીર સમસ્યા

કરોડો રૂપિયાનો માલિક એવો એક માણસ. તેના પરિચયમાં આવનારા ઘણાબધા માણસો જાણતા હતા કે એ ધૂની છે. એ ક્યારે શું કરે તે કહી શકાય નહીં. છતાં તેમને જાણનારા સગાં-સંબંધીઓ અને ઓળખતા પરિચિતો એવું માનતા કે બહુ શ્રીમંત માણસો આવા જ હોય! એ લોકો આ રીતે જ વર્તે! તેમને આ રીતે 'મનમાની' કરવાનું પરવડે!

આ શ્રીમંત ખાસ કોઈ કારણ વગર લંડન જાય, ન્યુ યૉર્ક કે વૉશિંગ્ટન જાય, મોસ્કો પહોંચે. ગમે ત્યાં જાય! અતિ શ્રીમંત વ્યક્તિ તો કોઈ પણ બહાનું આગળ કરીને દુનિયામાં ગમે ત્યાં જઈ શકે! આવી દરેક સફર બે-ચાર કે છ દહાડાની જ હોય. જ્યાં જ્યાં જાય ત્યાં પૈસાનું આંધણ કરે. કોઈ પણ માણસ જરૂરિયાત કે શોખની દૃષ્ટિએ કશું પણ ખરીદે ત્યારે એ વિચાર કરીને ખરીદી કરે, પણ આ શ્રીમંત માણસ તો આડેધડ ખરીદી કરે – ગમે ત્યાં ગમે ત્યારે નાણાં ખર્ચવાની એક ઘેલછા. ગમે ત્યાં ગમે તેમાં આ રીતે નાણાં વેડફી દેવાની એની આ પ્રવૃત્તિમાં કરોડો રૂપિયા ગયા – ધન ગુમાવ્યું હોય તો તે ફરી પાછું મળવાની શક્યતા ખરી, પણ આ માણસે તો મન ઉપરનો કાબૂ ગુમાવી દીધો હતો.

એનું દિમાગ જાણે ગાંડાતૂર અશ્વ કે ગજરાજની જેમ વર્તી રહ્યું હતું. માણસનું શરીર સમતુલા ગુમાવી બેસે તો તે બીજી જ ક્ષણે જાતે અગર બીજી કોઈ વ્યક્તિની મદદથી ફરી પોતાના તનની સમતુલા પાછી મેળવી શકે, પણ આ શ્રીમંત તો મનની સમતુલા જ ગુમાવી બેઠા હતા. ગમે તેમ બોલવું, ગમે તેમ વર્તન કરવું – માનવીની વર્તણૂક તો કોઈ બીજી વ્યક્તિ સમજી શકે કે તેના વાજબીપણા વિશે વિચારી પણ શકે, પણ અહીં તો આ માણસ બીજી ક્ષણે જ શું કરશે તેનું કોઈ અનુમાન પણ કરી ના શકે તેટલી હદે કોઈક માનસિક વળગાડ જેવી તેની વર્તણૂક બની ગઈ હતી.

માણસ માનસિક સમતુલા ગુમાવી બેસે પછી તો તે પૂરઝડપે દોડતા ચાલક વગરના વાહન જેવો બની રહે છે. ગમે ત્યાં પોતે પણ અથડાઈ જાય અને ગમે તેને અડફેટમાં પણ લઈ લે અને પોતાના ઉપરાંત અનેક માણસોને ગંભીર ઈજા પહોંચાડી બેસે. માણસનું શરીર અશક્ત હોય, બીમાર હોય, સમતુલા સાચવી શકતું ના હોય તો તેને કોઈ મદદ કરી શકે, ટેકો આપી શકે, દોરી શકે, પણ જેની માનસિક સમતુલા ડગી ગઈ છે તેને કોઈ શું મદદ કરી શકે? શરીરની નિર્બળતા કે રોગની ઔષધિઓ છે – અસરકારક પણ બની રહે છે, પણ જ્યારે મન માંદું પડે ત્યારે સમસ્યા ગંભીર સ્વરૂપ પકડે છે.

આપણા પૂર્વજો એટલે તો એવું કહેતા કે મન તો 'માંકડા' જેવું છે. તેને ક્યાંક ખીલે બાંધવું જોઈએ. મન ચંચળ છે અને એટલે તેને કોઈક સાર્થક પ્રવૃત્તિ કે પુરુષાર્થમાં રોકવું પડે છે. માણસ પાસે પુરુષાર્થનો કોઈ માર્ગ ખુલ્લો ના હોય ત્યારે પણ તેનું મન દિશાવિહીન બનીને તરંગોના જંગલમાં ભૂલું પડી ના બેસે એટલા માટે બધા જ ધર્મોમાં તમામ માનવીઓ જ્યાં પોતાનું મન બાંધી શકે એવો ખીલો – પરમેશ્વરનો – ચીંધવામાં આવ્યો છે. ભગવદ્‌ગીતામાં ભગવાન શ્રીકૃષ્ણ અર્જુનને જે બોધ આપે છે તેમાં બહુ જ સૂચક રીતે કહે છે કે બંધન અને મોક્ષનું એકમાત્ર કારણ મન છે. તું બધા જ સંકલ્પ-વિકલ્પો અને સંશયોનો વિચાર છોડીને મારા શરણે – ધર્મને શરણે આવ – મારા શરણમાં આવ.

માણસે પોતાની માનસિક સ્વસ્થતાનું રક્ષણ અને જતન કરવું જોઈએ. તેમાં પરમેશ્વરને 'હાજર' માનીને પોતાના પુરુષાર્થનું ક્ષેત્ર નક્કી કરવું પડે અને તેની કસોટી એ જ હોય કે તેનાથી કોઈને અન્યાય કે હાનિ ના થાય. આજે દુનિયાભરમાં માનસિક વિષમતા અને 'માનસિક મંદી'ના રોગીઓની સંખ્યા વધી પડી છે. અહીં – તહીં સર્વત્ર જેને 'ડિપ્રેશન' કહેવામાં આવે છે તેનો ભોગ બનેલા માનવીઓ જોવા મળે છે. આ માણસો સાંસારિક અર્થમાં

અકિંચન, ગરીબ કે લાચાર પણ નથી હોતા. કોઈક આકાંક્ષા, ઇચ્છા કે અજ્ઞાત પ્યાસ તેમને પરેશાન કરે છે. માનસિક રોગોના ડૉક્ટરો તેમને જે કંઈ દવાઓ આપી શકે છે તેમાં શારીરિક પીડાની 'મુક્તિ' માટે જેમ અંગને ખોટું કે બહેરું કરવાનો ઉપચાર કરવામાં આવે છે તેમ માનસિક વ્યાધિમાં પણ મનને 'બહેરું' બનાવવા જેવી જ વાત હોય છે. આ તો કોઈ પણ રીતે માણસના મગજને મૂર્છિત કરવાની વાત જ છે. એ કામચલાઉ રાહત આપી શકે. તે મૂળ રોગનો ઇલાજ તો નથી જ.

માનવજાત કદાચ જ્યારે આજના અર્થમાં 'ભણેલીગણેલી' નહીં હોય ત્યારે પણ તેણે જે કોઈ નિયમો શ્રદ્ધાના ધર્મ રૂપે કે માનવધર્મ રૂપે આગળ કર્યા તેમાં શરીર અને મનના સ્વાસ્થ્યની રક્ષા અને તેનું જતન બંને હેતુઓ સમાયેલા છે. કોઈ પણ મનુષ્યને જ નહીં, પણ કોઈ પણ જીવંત હસ્તીને પીડા, ઈજા કે દુઃખ પહોંચે તેવું કશું ના કરો. તમારી જાતને ન્યાય કરવાની તાલાવેલીમાં બીજા મનુષ્યો કે પ્રાણીઓને 'અન્યાય' કરી ના બેસો તેનો ખાસ ખ્યાલ રાખો.

# તમારી નજીક કોણ છે?

રાજકર્તાની નજીકમાં કોણ ઊભું છે તેનો ખ્યાલ ખુદ રાજકર્તાએ રાખવો જોઈએ એવી એક શિખામણ ચાણક્યે આપી છે.

એક રાજા પોતાના નાનકડા રાજ્યના પાટનગરમાં પોતાના દરબારમાં અગ્રગણ્ય નાગરિકોની સભા અવારનવાર બોલાવતો. આવા એક નાગરિકે રાજાની કંઈક સેવા બજાવી એટલે રાજાએ પ્રસન્ન થઈને તેને કશું માગવાનું કહ્યું. ધન અગર જમીન જે માગવું હોય તે માગી લો! નાગરિકે રાજાને કહ્યુંઃ અન્નદાતા, મારી પાસે ખપ પૂરતું ધન પણ છે અને ખપ પૂરતી જમીન પણ છે. હું તો એટલું જ માગીશ કે જ્યારે આપનો દરબાર ભરાયો હોય ત્યારે હું આપની નજીક આવીશ અને આપના કાન પાસે માત્ર મારા હોઠ ફફડાવીશ! હું કશું બોલીશ નહીં અને કશું માગીશ પણ નહીં! માત્ર આપના કાન નજીક મારા હોઠ લાવીશ અને મારા હોઠ ફફડાવીશ!

રાજાને થયું કે એ કશું કહેવા કે માગવા ઇચ્છતો નથી – એણે જે વિનંતી કરી છે તે 'નિર્દોષ' જ કહેવાય! મારા કાન નજીક તે માત્ર હોઠ ફફડાવશે. કશું કહેવાનો પણ નથી અને કશું માગવાનો પણ નથી. આવી વિનંતીનો સ્વીકાર કરવામાં પોતાને શો

વાંધો હોઈ શકે? પછી તો રાજાનો દરબાર મળે ત્યારે એ અગ્રણી નાગરિક રાજાની પાસે જાય અને રાજાના કાનની અત્યંત નજીક મુખ રાખીને માત્ર પોતાના હોઠ ફફડાવે! આખા દરબારને થયું કે આ તો બહુ જ મોટો વિશેષાધિકાર કહેવાય! રાજાની નજીક કોઈ વિનંતીપત્ર રજૂ કરવું હોય તો આવી વિનંતી કરવા માટે રાજાસાહેબથી થોડા અંતરે વિવેક અને નમ્રતાપૂર્વક ઊભા રહેવું પડે! રાજાની પાસે આટલી હદે નજીક જઈને તેમના કાનમાં કહેવાની ધૃષ્ટતા તો કોઈ કરી પણ ના શકે!

નગરના તમામ મોટાં માથાનાં પ્રજાજનો ચકિત થઈ ગયા અને તેમનો અહોભાવ વધી ગયો. પછી તો જેને જેને કંઈ મહત્ત્વનું કાર્ય કરાવવું હોય, રાજાની મહેરબાની માગવાની હોય તો તે આ વ્યક્તિને મળીને પોતાની વાત રાજાને કહેવાનું કામ સોંપે અને આ કામ કરવા માટે તેને મોટી બક્ષિસ પણ પહેલાં જ આપી દે! આવી દરેક માગણીને એ તરત સ્વીકારી લે, પુરસ્કાર પણ લઈ લે અને પછી દરબારમાં તો રોજ તે રાજાસાહેબના કાન નજીક હોઠ ફફડાવે! દરેકને એમ જ લાગે કે મારી વિનંતી મુજબ તેણે રાજાસાહેબને વાત કરી જ દીધી હશે!

દરેકને એ કહે કે મેં તમારી વિનંતી રાજાસાહેબના કાને નાખી દીધી છે! હવે રાજાને તમારું કામ કરવું, ના કરવું એ એમના અધિકારની અને ઇચ્છાની વાત!

કોઈ પણ વિષયમાં એક માણસ કોઈની વાત સત્તાધીશને કહે કે ના કહે – તેણે કશું જ કહ્યા વગર પણ રાજાના કેટલાક નિર્ણયોથી અમુકતમુક વ્યક્તિના પ્રશ્નો પતી જાય – કશી ભલામણ કે રાજાની કૃપા વગર પણ! જેમનો પ્રશ્ન પતી ગયો હોય તે માને કે જેને પૂરતી બક્ષિસ આપીને પોતાની માગણી રાજા સુધી પહોંચાડી દેવાનું કામ સોંપવામાં આવ્યું હતું તેણે એ કામ કરી આપ્યું છે. જે કોઈનું કામ ના પતે તે એમ માને કે એ માણસે પોતાની વાત રાજાસાહેબ સુધી જરૂર પહોંચાડી હશે, કેમ કે એ કામ કરવા માટે પોતે તો તેને પૂરતું ધન આપેલું જ છે, પણ આખરે તો રાજા એ રાજા! રાજા, વાજા અને વાંદરા! એટલે તેને પણ તેની પ્રામાણિકતામાં શંકા ના પડે!

આ તો જૂના જમાનાના કોઈ રાજાની વાર્તા છે – એક બોધકથા. પણ આજના જમાનાનો વિચાર કરીએ તો આપણે શું જોઈએ છીએ? રાજ્યના નાનામોટા મંત્રીઓ, વરિષ્ઠ અધિકારીઓ, એક અગર બીજા દરજ્જાનો હોદ્દો ભોગવનારાઓની આજુબાજુ કેટલાક માણસો સવાર-સાંજ ઘૂમ્યા કરતા હોય છે. આ માણસ પોતાનું કામ પતાવી દેવામાં મદદરૂપ – કડીરૂપ બનશે એવા

ખ્યાલથી નિર્દોષ નાગરિકો તેમને માગે તે બક્ષિસ આપી દે છે! રીતસર એક વ્યવસ્થિત છેતરપિંડીનો ભોગ જ બને છે. આને લીધે ઘણાબધા કિસ્સામાં નાના-મોટા રાજકર્તાઓ વગોવાય છે અને સામાન્ય પ્રજાની નજરમાં તેમનું નામ અને તેમને માટેનો વિશ્વાસ ઘટે છે. એટલે પ્રજાએ જેમને 'સત્તા' સોંપી છે તેમણે પોતાની નજીક અવરજવર કરનારી વ્યક્તિઓને પિછાનવી જોઈને અને તેની ઉપર સતત નજર રાખવી જોઈએ. આજકાલ કોઈ ને કોઈ રાજકર્તાના પોતે 'એજન્ટ' છે એવું કહેનારી વ્યક્તિઓનો તોટો નથી. આવો દાવો કરનારા સર્વત્ર મોજૂદ હોય છે – ન્યાયનાં પવિત્ર મંદિરોમાં પણ આ કે તે આદરણીય ન્યાયમૂર્તિ સાથે પોતાના ઘનિષ્ઠ સંબંધનો દાવો કરનારા પણ કેટલાક નીકળે છે. મોટા સંતો-મહંતોની ખૂબ નજીક હોવાનો દાવો કરનારા પણ નીકળે છે! પોતાની જાહેર છબિની શોભા ઘટે નહીં તેની ચીવટ રાખનારા મહાનુભાવો પોતાના વર્તન અંગે સજાગ રહે છે, પણ તેમની જાણ બહાર કેટલાક માણસો તેમને ખરેખર ડંખી નહીં શકતા હોય, પણ ડાઘ તો પાડી જ શકે છે.

# કિશોર દુનિયા છોડી ગયો, દરેક દિલમાં જગ્યા કરી ગયો

કેળવણીના ક્ષેત્રે બે જાણીતી વ્યક્તિઓ. એક શિક્ષક બાળકોની માતા જેવું કામ કરે. જૂના ગુરુકુળની યાદ આપે તેવી એક વિશાળ સંસ્થાનું વટવૃક્ષ સગી આંખે જોઈએ ત્યારે પ્રભાવિત થયા વગર રહી ના શકીએ. એમનો એક પુત્ર વ્યવસાયે ડૉક્ટર. એમની પત્ની વડોદરાનિવાસી શિક્ષણ-મર્મજ્ઞની પુત્રી. એ પુત્રીના બે પુત્રો – સત્તરેક વર્ષની વયના અને જોડકાં બાળકો. શાળાએથી પાછા ફરતાં રસ્તામાં એક ટ્રક નીચે એક કિશોર આવી ગયો. તેનો ભાઈ બચી ગયો. થોડી ઇજા થઈ પણ પ્રાણહાનિ નહીં, પણ જોડકું બાળક હોવાથી તેના મન ઉપર ઘણી ઘેરી અસર પડી.

સત્તર વર્ષના એ કિશોરના કરુણ અંતથી સ્વાભાવિક રીતે જ એ બે મુખ્ય શિક્ષણકારોનાં સગાંસંબંધીઓ, ચાહકો, પરિચિતોમાં આ ખબર વીજળીની જેમ પડ્યા. એ કિશોરને સ્નેહાંજલિ આપવા ગામેગામથી લોકો ઊમટ્યા હતા. દરેકના મનમાં એક જ પ્રશ્ન હતો – એવું કેમ? સારા માણસોના માથે આવું દુઃખ કેમ પડે છે? કેટલીક વાર એવું લાગે છે કે ખોટા – ખોટું કરનારા માણસો 'સુખી' દેખાય છે અને સારા માણસોને

માથે વારંવાર કોઈ ને કોઈ પીડાની વીજળી પડે છે. રાક્ષસી વાહનોનાં ચાર પૈડાંમાંથી કોઈ એક પૈડું યમરાજનું સાધન બને છે. – આ અકસ્માતને માત્ર 'નિયતિ' ગણીએ, જેની જિંદગીની કિતાબનાં હજુ તો પ્રારંભનાં સત્તર પૃષ્ઠો જ પૂરાં થયાં છે તેમાં એવું તે શું હોઈ શકે જેનું આવું કર્મફળ હોય?

કોઈ કોઈ વાર પ્રશ્ન પણ થાય કે કર્મનું ફળ કહીએ છીએ એ કર્મ જિવાતી જિંદગીનું સમજવું કે તેના પૂર્વજન્મનું? આ રહસ્યનો ભેદ તો કોઈ જાણતું નથી. મર્યાદા પુરુષોત્તમ ભગવાન રામને પ્રાણાધિક પ્રિયા સીતાજીનો વિયોગ – બે મહાપરાક્રમી પુત્રોના વિયોગ અને ભગવાન રામનું અવતારકૃત્ય મહાઅભિમાની રાક્ષસ રાવણની હત્યા હોય તો તે બધું કર્યા પછી રામચંદ્રજી છેવટે જળસમાધિ લે છે. એ જ રીતે પૂર્ણ પુરુષોત્તમ ભગવાન શ્રીકૃષ્ણ સંસારના મિથ્યા વહેવારોથી સુપેરે પરિચય મેળવીને ભાલકાતીર્થના સ્થળે પારધીના બાણથી જીવન ત્યાગે છે.

સત્તર વર્ષનો બુદ્ધિશીલ, સંવેદનશીલ કિશોર ચાલ્યો ગયો – એને કોઈ મરવાજોગ કહેશે? એ જ સાચું લાગે છે કે મોટા જાણીને કોઈ મરતા નથી અને નાના જાણીને કોઈ જીવતા નથી. માનવીનું આયુષ્ય કઈ રીતે અને કોઈ નક્કી કરતું હશે? છઠ્ઠીના લેખમાં લખાઈ ચૂક્યું હોય છે? એક નિરર્થક જિંદગી લાંબી – ખૂબ લાંબી ચાલે છે અને એક અનેક સુભગ શક્યતાઓથી ભરપૂર જિંદગી અચાનક અંત પામે છે. માત્ર ઋણાનુબંધ? લેણદેણ પૂરી થઈ ગઈ અને છૂટા પડવાનું આવ્યું.

આવા બધા સવાલોનો સંતોષકારક ઉત્તર કદાચ કોઈની પાસે નથી. સુરેન્દ્રનગરથી સાંજે પાછા ફર્યા પછી 'લાઇફ આફ્ટર ડેથ'ના શીર્ષકવાળા એક અંગ્રેજી પુસ્તકનાં પાનાં ફેરવ્યાં. કોઈ કથન કદાચ બરાબર સમજાયું નહીં કે ગળે ના ઊતર્યું. એક જીવન પછી – મૃત્યુ પછીના અસ્તિત્વની આખી વાત ક્ષિતિજની જેવી દૂર દૂરની અને 'માયાવી' લાગે છે. દેખાય છે કે ગગન અને ધરતી મળે છે – પણ એવું તો કોઈ સ્પર્શબિંદુ છે જ નહીં. કોઈ કોઈ વાર જીવન અને મૃત્યુ વચ્ચેના સંબંધમાં પણ આવું જ કશુંક કહેવું પડે. ખબર જ નથી કે એક જીવનની ધરતી મૃત્યુના ગગનમાં ક્યાં અને કેટલે દૂર મળે છે.

ઘણા બધા લોકો એવું કહે છે કે માણસની જિંદગી લાંબી હોય તો ઘણાં બધાં સુખો અને સારા અવસરો એ જોઈ શકે. બીજી તરફ જિંદગી જેટલી વધુ લાંબી એટલાં વધુ દુઃખો અને શોકના પ્રસંગો પણ જોવાના આવે. એક સંબંધીએ કહ્યું કે મેં ત્રણ પેઢી જોઈ – ચોથી પેઢી જોઈને જવાની ઇચ્છા છે!

એક અકસ્માતમાં બીજી પેઢી જ ના રહી. ઝાઝું જીવનારાને ઝાઝાં સુખો અને એ જ ન્યાયે ઘણાં દુ:ખો પણ જોવાનાં આવે. એટલે તો ભગવાન શ્રીકૃષ્ણે ગીતામાં કહ્યું કે, 'સુખે-દુ:ખે સમેકૃત્વા, લાભાલાભૌ જયાજયૌ.' આવું મનનું સંતુલન, જીવનને જોવાની, સમજવાની, માણવાની દૃષ્ટિ અનિવાર્ય છે. કોઈ માણસને ખબર નથી કે કયા ખૂણે સુખ સંતાઈને ઊભું છે અને કયા ખૂણે દુ:ખ આવીને ઊભું છે. દરેક માનવીને જીવવાની પ્રબળ ઇચ્છા છે, પોતાના કુટુંબીજનો અને સ્નેહીઓ, મિત્રો માટે એક ઊંડો લગાવ છે. કોઈ પણ દુ:ખદ ઘટના ધરતીના એક વિસ્તારમાં હળવા ધરતીકંપનો આંચકો બની રહે છે.

કોઈક સત્તર વર્ષના કિશોરની આવી દુ:ખદ વિદાયથી આંખમાં ઊભરાઈ આવેલાં આંસુ જોઈને કોઈ કહે છે કે તમે બહુ ભાવુક લાગો છો! એ તો તમારા ખૂબ દૂરના સગા ના કહેવાય! એક અર્થમાં તો એ જરૂર સાચું! માતાના સગા ભાઈ નહીં – કાકાના દીકરા ભાઈ – એ ભાઈની પુત્રી અને એ પુત્રીનો નાનકડો કિશોર! સંબંધનું આ દોરડું તો બહુ લાંબું ના કહેવાય? પણ સંબંધના આ દોરડાની લંબાઈ-ટૂંકાઈનો મુદ્દો મહત્ત્વનો નથી, મહત્ત્વની વાત છે એ દોરડામાં વહેતો પ્રેમનો વીજળીપ્રવાહ! દૂર દૂરના દોરડાને ક્યાંક અડો ત્યાં કોઈને પણ કેવો ઝાટકો લાગે? લાગે છે કે નહીં? આમાં ક્યાંય દૂરત્વ કે નિકટતાનો મુદ્દો જ નિર્ણયાત્મક હોતો નથી.

આપણે જેને અવતાર ગણીને પૂજીએ છીએ એ બધા અવતારો જ છે તેમાં શંકા નથી, પણ આ સંસારમાં તો એ માતા દ્વારા જ આવ્યા છે. ગમે તેવી માતા હોય, પણ માતા એટલે મમતા – નિ:સ્વાર્થ સ્નેહ. સ્વાર્થ નહીં, પણ મમત્વ તો ભરપૂર. ભગવાન બુદ્ધ હોય કે ભગવાન મહાવીર હોય, શ્રીરામ કે શ્રીકૃષ્ણ – આત્માના સંબંધોની સગાઈ કોઈ ને કોઈ રૂપે તો બોલે જ છે.

એ કિશોર તો દુનિયા છોડીને ગયો – ઘણા બધાના હૃદયમાં એ એક ગોખલો કરીને ગયો.